# કોમનવેલ્થમાં ઝળકયો સુરતી બોય



**હરમીત દેસાઈ**

**સ્પોર્ટ્સ પર્સન**

સુરતે આમ તો ઘણી બધી શાખાઓમાં પોતાનાં સંતાનો આપ્યાં છે પરંતુ ટેબલટેનિસ પર જો કોઇએ સુરતનું વર્લ્ડ લેવલ પર નામ ઝળકાવ્યું હોય તો તે છે હરમીત દેસાઇ.

હરમીત દેસાઇ કે જેઓ માત્ર છ વર્ષના હતા અને ટેબલટેનિસના નાના નાના રેકેટથી રમવાનું શરૂ કર્યું હતુ. કોમનવેલ્થમાં પણ જઇને રમવાનું સ્વપ્ન કદાચ ત્યારે આકાર નહીં લેતું હોય ત્યારની આ વાત છે.

હાલમાં જર્મની અને યુરોપ જેવા મોટા દેશોમાં પોતાની જાતને ઘડી રહેલા હરમીત દેસાઇએ પોતાની પ્રેક્ટીસ એક ગેરેજથી કરી હતી. તેઓએ પોતાની કારકિર્દીની શરૂઆતના સમય અંગે જણાવ્યુ કે, મારા માતાપિતા જોબ કરતા હતા. મારા ઘરે અમે બે ભાઇઓ જ રહેતા હતા તેથી મારા ડેડીએ એક ટેબલ ટેનીસનું ટેબલ અમારા ગેરેજમાં બનાવી આપ્યુ. તે ટેબલ પર હું અને મારા ભાઇ રમ્યા કરતા.

એક દિવસ ડેડી શબ્બીર બંગાળી નામના એક અંકલને કોચ તરીકે લાવ્યા અને તેઓએ અમને ટીટી માં પ્રેક્ટીસ કરાવી અને અમે ત્રણ કલાક સ્કૂલેથી આવ્યા બાદ ટીટી રમતા. છ મહીનામાં જ ટેનીસમાં મારી ફાવટ આવી ગઇ.

એક ગેરેજથી શરૂ કરેલી હરમીતની સફર કોમનવેલ્થ સુધી પહોંચી હતી. તેઓની આ સફળતામાં તેમના પેરેન્ટ્સનો સૌથી મોટો ફાળો રહ્યો છે આ ઉપરાંત તેમના મોટાભાઇ હંમેશાં તેમની પડખે એક ગુરુ તરીકે જ રહયા છે. એવું નથી કે હરમીતને હંમેશાં સફળતા જ પ્રાપ્ત થઇ છે પરંતુ ઘણીવાર હારનો સ્વાદ પણ ચાખવા મળ્યો છે ત્યારે જીંદગીમાં આવતા કપરા સંજોગોમાં પોતાની જાતને સ્થિર રાખવું એ જ તો સ્પોર્ટી સ્પીરીટ છે.

બસ આ જ એથીક્સની સાથે હરમીત આગળ વધતા ગયા અને ટેબલટેનિસમાં પોતાનો એક્કો જમાવતા ગયા. તેમના પિતા હંમેશાં કહેતા હતા કે જેટલી જીતનો ઘૂંટડો મીઠો લાગતો હોય તેટલો જ હારનો કડવો ઘૂંટડો પણ પીવો જરૂરી છે. પરંતુ આ કોમ્પીટીશન વર્લ્ડમાં ક્યારેય પણ વાલી તરીકે તેઓએ હરમીત પર મેડલ કે ટ્રોફીનું કે હંમેશાં અવલ્લ રહેવાનું દબાણ ક્યારેય કર્યુ નથી હંમેશાં તેઓ હરમીતને એક સાચો સ્પોર્ટ પર્સન જ બનાવવા માંગે છે.

> **બસ આ જ એથીક્સની સાથે હરમીત આગળ વધતા ગયા અને ટેબલટેનિસમાં પોતાનો એક્કો જમાવતા ગયા**

હરમીત જ્યારે પોતાની કારકિર્દીમાં આગળ વધતા ગયા ત્યારે તેઓને વધુ એક્સપર્ટ બનાવવા માટે તેમના પિતાએ કોલકતાથી ખાસ એક કોચને સુરત બોલાવી અને અહીં જ તેમની ટ્રેનિંગ કરાવી હતી. તેઓ માત્ર પંદર વર્ષની ઉંમરમાં હતા ત્યારથી તેઓને ગર્વમેન્ટ જોબની ઓફર થઇ હતી. તેઓ આજે ટેબલટેનીસમાં ભારતનું પ્રતિનીધીત્વ કરી જ રહ્યા જ છે સાથે પોર્ટુગલ, જર્મની અને યુરોપ જેવી કન્ટ્રીઝમાં પણ તેઓ પ્રબળ પ્રેક્ટીસની સાથે પોતાનું લક્ષ પ્રાપ્ત કરવા સતત પ્રયત્ન કરી રહ્યા છે.

તેઓ એ વર્ષ ૨૦૧૮માં કોમનવેલ્થ ગેમ્સમાં ભારતને વિજય અપાવ્યો ત્યારે સુરતમાં ખૂબ જ અનોખો માહોલ તેમના માટે તૈયાર કરવામાં આવ્યો હતો. તેની જીતમાં સુરત વાસીઓ ડૂબી ગયા હતા. યુએસઓપન, ઓસ્ટ્રેલીયા ઓપન અને બ્રાઝીલ ઓપન જેવી ટુર્નામેન્ટ જેમણે પોતાના નામે કરી છે તેવા હરમીત દેસાઇ સારા એવા કીબોર્ડ આર્ટીસ્ટ પણ છે.

વધુ જાણવા QR સ્કેન કરો

Excellence is to do a common thing in an uncommon way. - Booker T.Washington